GJBK210002652026

**ક્રિમીનલ કેસ નં .229/2026**

**આંક–૧ હેઠળ હુકમ**

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) તથા ૮૫(૧) ના ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી સમરી ફોર્મ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિક રીતે ફકત ગુજરાત પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) માં રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગથી કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. તેઓને ગુનાની કબુલાતના પરીણામ અંગે તેમજ કાયદામા સજાની જોગવાઈ અંગે જણાવેલ છે. તેમ છતાં તેઓ કબુલાતને વળગી રહેલ છે અને રહેમદ્રષ્ટિ રાખવા વિનંતી કરેલ છે.

(૨) આરોપી સામે ગુજરાત પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબના ગુન્હાનું તહોમત છે. તેમજ આરોપીએ ગુજરાત પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) ના ગુનામાં કબુલાત પુરસીસ આપેલ છે અને કલમ–૮૫(૧) માં ડિસ્ચાર્જની અરજ ગુજારેલ છે જે લગત થયેલ હુકમ મુજબ આરોપીને કલમ–૮૫(૧) મુજબના ગુના સબબ ડીસ્ચાર્જ કરેલ છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ/ મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે.

(૩) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્ર" ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોય સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી મુકેશભાઈ બળવંતજી ઠાકોરને બી.એન.એસ.એસની કલમ–૨૬૪ અન્વયે ગુજરાત પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલત સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: લાખણી.
તા.૧૪/૦૩/૨૦૨૬

**(કુલદીપ આર. શર્મા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લાખણી.
CODE NO.GJ01641